Vol. No. 02 Issue No. 9 September 2016 Price 30/-

# હાદી માસિક

બાળકો અને નવયુવાનો માટે

ઝિલહજ, હિજરી સન ૧૪૩૭

સપ્ટેમ્બર - ૨૦૧૬

અંક-૯

૮ વર્ષ પૂર્ણ



## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

પ્રિય બાળકો, અસ્સલામો અલૈકુમ!

‘‘હાદી’’ માસિકે પોતાના પ્રકાશનના આઠ વરસ પૂરા કર્યા અને નવમા વરસનો પ્રથમ અંક આપની સમક્ષ રજુ કરતાં પ્રથમ તો રબ્બે કાએનાત અને હઝરત ઈમામે ઝમાના અજ. ની પવિત્ર બારગાહોમાં અમે પોતાની હૃદયપૂર્વકની આભારની લાગણી અત્યંત નમ્ર રીતે પેશ કરીએ છીએ કે જેમની ગૈબી મદદ વગર એક દીની સામયિક સાત વરસના લાંબાગાળા સુધી સતત પ્રગટ કરવું શક્ય જ નહોતું.

સાથે જ અમો અમારા વાચકો અને મોઅમેનીન પ્રત્યે પણ આભાર પ્રગટ કરીએ છીએ કે તેમની સતત હૂંફ અને સહકારને કારણે જ આ ભગીરથ કાર્ય શક્ય બન્યું છે.

ઝિલહજનો મહીનો અમીરૂલ મોઅમેનીન અ.સ.ની વીલાયતનો મહીનો છે. દીનની સંપૂર્ણતા અને અલ્લાહની નેઅમતોની પૂર્ણતાની ઘોષણાએ કુફ્રને સૃષ્ટિના અંત સુધીના સમય માટે નિરાશ કરી દીધો અને કુરઆને ખુશખબરી આપી કે આજે કુફ્ર નિરાશ થઈ ગયો. કુફ્ર તો રસૂલ સ.અ.વ.ની આંખો બંધ થાય તેની જ પ્રતિક્ષા કરી રહ્યો હતો પરંતુ ગદીરે તેમની તમામ આશાઓ ઉપર પાણી ફેરવી દીધું.

પરંતુ કાશ! મુસલમાનો પોતે કરેલાં વાયદા ઉપર કાયમ બાકી રહ્યા હોત તો કદાચ ઈસ્લામના અનુયાયીઓમાં જે નબળાઈ દેખાય છે તે ન હોત અને સમગ્ર જગતમાં ફકત ઈસ્લામનો પરચમ લહેરાતો હોત.

હજી પણ સમય છે, નાની નાની વાતોના મતભેદો ભૂલી જઈને પાયાની બાબતો અંગે સહમતિ અને ભાઈચારો કેળવીએ અને તે રીતે શત્રુઓના પરાજયનું કારણ બનીએ!!!

**વસ્સલામ**

بسم الله الرحمن الرحيم

## ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

### મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રેઝા રિઝવી ગરવી

### કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અફ્ઝર
સૈયદ આબીદ હુસૈન એ રિઝવી 7383560072

### સહાયકો :
અહમદ રેઝા ઝુરારહ
તાલીમ રેઝા અજમેરી
એહસાન અલી રિઝવી

### અનુવાદક :
**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી** આઈ. એ. એસ (નિવૃત્ત)

### શુષોભન :
Heb Grafix મોહમ્મદ તાહીર
9898937633 E-mail: smtahir202@gmail.com

### ટુરીંગ એજન્ટ :
સૈયદ મીસમ મેહદી રિઝવી 9510344219

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો:

| | |
|---|---|
| **અમદાવાદઃ** | (૧) શબ્બીર ભાઈ નુરાની, ફોનઃ ૯૩૭૬૧૬૮૩૦૬ |
| | (૨) મૌલાના ઝફરુલ હસન, ફોનઃ ૯૩૨૭૫૩૬૬૩૮ |
| | (૩) ઝાકીર ભાઈ મોમીન, ફોનઃ ૯૩૨૭૦૪૧૩૧૪ |
| **ભાવનગરઃ** | મુસ્તાકભાઈ વિરાણી, ફોનઃ ૯૮૨૪૫૩૮૧૧૪ |
| **મહુવાઃ** | મહેદીરઝા એમ. બંભોરા, ફોનઃ ૯૯૨૪૩૨૭૨૨૭ |
| **કાણોદરઃ** | નૌશાદભાઈ, જાફરી ચેનલ, ફોનઃ ૯૯૯૮૭૭૩૬૧૧ |
| **મેતાઃ** | મોહસીનભાઈ કડીવાલ, ફોનઃ ૯૮૯૮૩૬૯૦૮૯ |
| **ભરૂચઃ** | મુશ્તાકઅલી પાનવાલા, ફોનઃ ૯૮૨૪૨૪૩૦૫૧ |
| **ધોળકાઃ** | કમરઅલી મોમીન |
| **અંજારઃ** | રફીકભાઈ ખોજા, ફોનઃ ૯૯૨૫૩૧૮૬૨૧ |
| **રૂસ્તમપૂરાઃ** | સૈયદ આશીક હુસૈન, ફોનઃ ૯૮૨૪૧૧૯૩૭૨ |
| **રાજૂલાઃ** | મૌલાના હસન મહેદી, ફોનઃ ૯૯૦૪૧૪૬૧૧૦ |
| **સેલવાસાઃ** | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી, ફોનઃ ૯૮૨૫૯૯૯૯૭૮ |
| **સિહોરઃ** | હસનઅલી વજીરઅલી વસાયા, ફોનઃ ૯૮૭૯૯૬૯૮૬૮ |
| **કચ્છઃ** | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર, ફોનઃ ૯૮૨૪૨૧૬૪૭૦ |
| **ડેડીયાપાડાઃ** | રિઝવાન હુસૈન અમીરઅલી રાજાણી, ફોનઃ ૯૪૨૭૧૭૫૨૩૧ |

***ખાસ નોંધ:*** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

## વિગતો માટે સંપર્ક :
**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.) ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ, ગુજરાત, ભારત**

**E-mail: hadimasik@yahoo.com Website: www.hadikids.org**

***PHONE NO: 079-25892786, 94266 78614, 70969 21472, 97247 37865***

***વાર્ષિક લવાજમ: રૂપિયા ૩૦૦/–***

# અહલેબૈત અ.સ. પ્રત્યે હૃદયમાં પ્રેમભાવ પેદા કરવાના ઉપાયો

(ગતાંકથી ચાલૂ)

**૧૫. આધ્યાત્મિક અને અલૌકિક વાતાવરણનું સર્જનઃ**

બાળકો અને યુવાનોના હૃદયમાં અહલેબૈત અ.સ. પ્રત્યે પ્રેમભાવ ઉત્પન્ન કરવાની એક પધ્ધતિ એવા વાતાવરણનું સર્જન છે કે જેમાં બાળકો એક વિશિષ્ટ આધ્યાત્મિક અનુભૂતી કરે અને ધીમે ધીમે તેમની આધ્યાત્મિક સંવેદના જાગૃત થાય અને તેઓ આ બાબતે સંવેદનશીલ થઈ જાય.

અહલેબૈત અ.સ.ને ચાહવાવાળાઓની સભાઓ-મેળાવડાઓમાં ભાગ લેવાથી પણ અહલેબૈત અ.સ. પ્રત્યે પ્રેમભાવની સંવેદના પ્રજવલિત થાય છે.

શોક પ્રગટ કરવા માટેની મજલિસો (અઝાદારીની મજલિસો) અને દુઆના સંમેલનોમાં ભાગ લેવો તે ખૂબ જ મહત્વની બાબત છે. અઝાદારીની મજલિસો અને નવહા પઢવાથી અહલેબૈત અ.સ. પ્રત્યેના પ્રેમભાવની લાગણીઓ પ્રજવલિત થઈ જાય છે. હૃદયમાં નરમાશ (લાગણીઓના ઘોડાપૂર) આવી જાય છે. આંખોમાં અશ્રુધારાઓ

વહેવા લાગે છે અને આ અશ્રુઓ-આ રૂદન લોકોને પયગમ્બર સ.અ.વ.ના કુટુંબીજનો સાથે જોડે છે અને તેમનાથી મનની લાગણીઓનો સંબંધ સ્થાપે છે.

અઝાદારીની મજલિસોમાં આ અશ્રુઓની ધારાઓ - આ રૂદન હૃદયને અને લાગણીઓને કોમળ પણ બનાવે છે અને તેમને સુદ્ધ પણ કરે છે. સામાન્ય પરિસ્થિતિ અને વ્યક્તિગત રીતે હૃદય શોકાતૂર થાય, આંખોમાંથી અશ્રુઓ વહેવા લાગે અને મનમાં લાગણીઓનો ધોધ વહે તેવું શક્ય ન પણ બને પરંતુ સામૂહિક રીતે થતી અઝાદારીમાં ત્યાંનું લાગણી સભર અને આધ્યાત્મિક વાતાવરણ ત્યાં ઉપસ્થિત બધાં લોકોના વ્યક્તિગત અને સામૂહિક સંવેદનોને જાગૃત કરી દે છે અને હૃદયના દ્વાર ખોલી નાંખે છે. આવી અઝાદારીની મજલિસોનું પોતાના ઘરોમાં, શાળાઓમાં અને મહોલ્લાઓમાં આયોજન થાય અને યુવાનો તેના આયોજન અને બંદોબસ્તમાં સહાયક બને તો આ રીતે તેમના મનમાં અહલેબૈત અ.સ. પ્રત્યેના પ્રેમમાં વૃધ્ધિ થશે જ.

ઝિયારતો માટે જવું તે પણ આ દિશામાં એક અગત્યનું કાર્ય છે. એક ઉચ્ચ કોટિના, પવિત્ર, સદ્‌ચારિત્ર ધરાવતી વ્યક્તિની રૂબરૂ મુલાકાત તેમને મળનાર વ્યક્તિના મનને પ્રભાવિત કરે છે. તેવી રીતે જ માઅસૂમીન અ.સ.ની કબરો અને તેમના પવિત્ર મઝારો પર હાજરી પણ અંતરની પવિત્રતાનું કારણ બને છે.

૧૬. પુસ્તકોના વાંચનની, તેમ જ નિબંધ અને
કાવ્ય લેખનની પ્રેરણાં:

બાળકોમાં પુસ્તકોના વાંચનની જે ધગશ હોય છે તેનો લાભ લઈને તેમને અહલેબૈત અ.સ. વિષે લખાએલા સુરૂચિપૂર્ણ અને રચનાત્મક પુસ્તકોનો પરિચય કરાવી તેના વાંચન માટે તેમને પ્રેરિત કરવા, આવા પુસ્તકો ઉપર આધારિત સ્પર્ધાઓ યોજવી, આ પુસ્તકોનું સંક્ષિપ્તીકરણ માટે તેમને તૈયાર કરવા, નિબંધ લેખન, કાવ્ય રચના, વાર્તા લેખન, એટલે સુધી કે ચિત્રકલા અને સુલેખન માટે તેમને તૈયાર કરવા - આ દિશામાં અગત્યના અને લાભદાયક પ્રયાસો સાબિત થઈ શકે તેમ છે. બાળકોને આ પ્રકારના કામો સાથે સાંકળી લેવા, તેમને આશૂરા, ૧૫મી શાઅબાન, શબે કદ્ર, અઝાદારીની મજલિસો ઈત્યાદી સંબંધે અવિસ્મરણીય પ્રસંગો લખવાની પ્રેરણા આપવી તે પણ અહલેબૈત અ.સ. સાથેના તેમના પ્રેમભાવની વૃધ્ધિ અને દ્રઢતામાં સહાયરૂપ થઈ શકે છે. બાળકોને આ પ્રકારના પુસ્તકોથી પરિચિત કરાવવા માટે અને તેના વાંચન પ્રત્યે તેમને પ્રેરવા માટે એક ચાક્કસ અભિરૂચી અને નિપુણતા પણ આવશ્યક છે.

૧૭. અહલેબૈત અ.સ.ના ચાહવાવાળાઓના પ્રસંગોનું વર્ણન:

અહલેબૈત અ.સ.ના જીવન સાથે સંકળાએલ પ્રસંગોનું વર્ણન લાગણીઓને પણ ઉત્તેજિત કરે છે અને પ્રેમભાવમાં વૃધ્ધિનું પણ પ્રેરકબળ હોય છે. તદઉપરાંત અહલેબૈત અ.સ.ના એવા અનુયાયીઓના વૃત્તાંતો પણ રસુલ સ.અ.વ.ના કુટુંબીજનો પ્રત્યે

પ્રેમભાવ ઉત્પન્ન કરવામાં લાભકારક છે કે જેમના જીવન-જાન સુધ્ધાં કુરબાન કરી દેવાની ઉત્કંઠા, બલિદાન, તેમના જીવન પ્રસંગો, તેમની ઝિયારતો અને તેમના વસીલા થકી અહલેબૈત અ.સ. પ્રત્યેના પ્રેમભાવને સાક્ષાત્કાર કરી શકાય છે.

### સમિતિઓ-મંડળીઓની રચનાઃ

જુદા જુદા દિવસોએ મીલાદના જશ્નોનું આયોજન, માતમની ટુકડીઓ બનાવવી, મસ્જિદો અને ઈમામવાડાઓની સાફ સફાઈ, સબીલોની વ્યવસ્થા, આ તમામ પ્રવૃત્તિઓ એવી પ્રવૃત્તિઓ છે કે જે યુવાનો પોતે પોતાની રીતે કરતાં હોય છે. આ સઘળી પ્રવૃત્તિઓ અહલેબૈત અ.સ. સાથેના તેમના સંબંધોને સુદ્ઢ બનાવવામાં અસરકારક છે. તેનાથી બાળકો અને યુવાનોમાં આવા કાર્યો પ્રત્યેની આંતરિક તત્પરતાનો વિકાસ થાય છે. તેથી તેમના દ્વારા મહોલ્લામાં આવી પ્રવૃત્તિઓ માટેની મંડળીઓ અને સમિતિઓ બનાવવા પ્રત્યે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ જેથી કરીને તેઓ પોતે પોતાની જવાબદારી સંભાળી લે અને પોતાની પ્રવૃત્તિઓને વેગવાન બનાવે, અઈમ્માથી સંબંધિત દિવસોમાં પરચમ ઉપાડીને- નવહાખાની કરીને અને આવી અન્ય પ્રવૃત્તિઓ થકી બાળકોમાં પોતાના વ્યક્તિત્વની મહત્વની લાગણી જન્મે છે. આ લાગણી તેમનામાં પોતાની જવાબદારી અને કર્તવ્ય પાલનના જુસ્સામાં વૃધ્ધિ કરે છે અને અહલેબૈત અ.સ. સાથે તેમના સંબંધને પ્રસ્થાપિત કરે છે.

# અરફહનો દિવસ



**અરફહ કેમ?**

જનાબ જિબ્રઈલ અ.સ. હઝરત ઈબ્રાહીમ અ.સ.ને હજની જુદી જુદી વિધીઓ સમજાવી રહ્યાં હતાં અને જ્યારે તેઓ "અરફહ"માં પહોંચ્યાં ત્યારે આપે પુછ્યું: "અરફતા?" એટલે કે "સમજીને યાદ કરી લીધું?" અને હઝરત ઈબ્રાહીમ અ.સ.એ જવાબ આપ્યો: "હા" તે કારણે આ સ્થળ આ નામે પ્રખ્યાત થઈ ગયું.

બીજું કારણ એ પણ છે કે આ એજ સ્થળ છે કે જ્યાં લોકો પોતાના ગુનાહોનો એકરાર કરે છે.

કેટલાંક લોકોનું એવું પણ મંતવ્ય છે કે આ સ્થળે (અરફહના સ્થળે) પહોંચવા માટે ઘણાં જ ધૈર્યની જરૂર પડે છે. "અરફહ"નો એક અર્થ ધૈર્ય પણ છે.

ઈમામ સાદિક અ.સ.થી રિવાયત અનુસાર જ્યારે આપણાં દાદા હઝરત આદમ અ.સ. જન્નતના બગીચામાંથી પૃથ્વી ઉપર આવ્યા ત્યારે સફા નામના નાના પર્વત (ટેકરી) ઉપર દરરોજ સવારે જઈને સજદો, રૂદન કરતાં હતાં. તેમણે આવું ચાલીસ દિવસ કર્યું ત્યારે એક દિવસ જિબ્રઈલ અ.સ. આવ્યાં અને પુછ્યું: "હે આદમ અ.સ.! આપ રૂદન શા માટે કરો છો?"

આદમ અ.સ.એ કહ્યું: "હું કેમ ન રડું જ્યારે કે હું અલ્લાહના સાનિધ્યમાંથી આ જગતમાં આવી ગયો છું."

જિબ્રઈલ અ.સ.એ કહ્યું: "ખુદાની બારગાહમાં તૌબા કરો અને તેની તરફ પાછા ફરો."

આદમ અ.સ.એ કહ્યું: "કેવી રીતે?"

જિબ્રઈલ અ.સ. આઠમી ઝિલ્હજના દિવસે જનાબ આદમ અ.સ.ને "મિના" (મક્કાથી થોડાક અંતરે આવેલો એક પ્રદેશ) લઈ ગયાં. જનાબ આદમ અ.સ.એ રાત્રીરોકાણ તે સ્થળે જ કર્યું અને સવારે અરફાતના રણ પ્રદેશની દિશામાં ચાલવા લાગ્યા. આ પહેલાં જ્યારે આપ મક્કાથી રવાના થયા હતા ત્યારે જ જિબ્રઈલ અ.સ.એ જનાબ આદમ અ.સ.ને "એહરામ" (હાજી હજની જુદી જુદી વિધીઓના દિવસો દરમ્યાન જે -બે સિવ્યાં વગરના સફેદ- મોટા ભાગે સુતરાઉ- કાપડના ટુકડા ધારણ કરે છે તેને "એહરામ" કહેવામાં આવે છે અને જે વિધીપૂર્વક આ ટુકડા ધારણ કરવામાં આવે છે તેને "એહરામ બાંધવું" કહેવામાં આવે છે.) બાંધવાનું અને "લબ્બૈક" કહેવાનું શિખવાડી દીધું હતું.



(હજના અરકાન-વિધિઓ-માંથી એક વિધી "અલ્લાહુમ્મા લબ્બૈક" કહેવું તે છે.) અને જ્યારે "અરફહ'ના દિવસનો અસ્રનો સમય થવા આવ્યો ત્યારે તેમણે હઝરત આદમ અ.સ.ને ગુસ્લ કરવા માટે કહ્યું અને અસ્ર પછી તેમને "અરફાત"માં વુકૂફ (રોકાવા) માટે કહ્યું અને જે શબ્દો અલ્લાહે શિખવાડયાં હતાં તે શબ્દો હઝરત આદમ અ.સ.ને શિખવાડયાં. સુર્યાસ્ત સુધી હઝરત આદમ અ.સ. આવી જ રીતે દુઆ અને રૂદન કરતાં રહ્યાં. જ્યારે સુર્યાસ્ત થઈ ગયો ત્યારે "મશઅર"માં દુઆ કરવા લાગ્યાં. છેવટે હઝરત આદમ અ.સ.ની તૌબા કબૂલ થઈ ગઈ.

**હઝરત ઈબ્રાહીમ અ.સ. અરફાતમાંઃ**

હઝરત જિબ્રઈલ અ.સ.એ હઝરત ઈબ્રાહીમ અ.સ.ને હજની વિધીઓ શિખવાડી ત્યારે હઝરત ઈબ્રાહીમ અ.સ. ફરમાવતાં હતાંઃ "અરફતો - અરફતો" ("હું ઓળખી ગયો - હું ઓળખી ગયો.")



પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. અરફાતમાં:

ઈસ્લામના મધ્યકાળમાં અરફાતની ટેકરી પયગમ્બર ઈસ્લામ સ.અ.વ.ના બોધપાઠ અને અલ્લાહનો સંદેશો-આજ્ઞાઓ લોકો સુધી પહોંચાડવાનું સ્થળ હતું. કુરઆને મજીદના કેટલાંક વિવરણ કરનારા વિદ્વાનો (મુફસ્સેરીન)ના મત પ્રમાણે કુરઆનનો અંતિમ સૂરો અરફાતના રણમાં જ પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. ઉપર નાઝિલ થયો હતો અને આપ સ.અ.વ.એ ત્યાં જ તે લોકોને અને પોતાના શિષ્યોને શિખવાડયો હતો.



રસૂલે ઈસ્લામ સ.અ.વ.એ હાજીઓની વિશાળ સભામાં અરફહના દિવસે પોતાનો ઐતિહાસિક બોધ (પ્રવચન) આ રીતે પ્રસારિત કર્યો હતો:

હે લોકો! મને સાંભળો!! શક્ય છે કે આજના દિવસ પછી હું તમને પછી ક્યારેય મળું નહીં. તમો પણ ટુંક સમયમાં પોતાના ખુદાની પાસે પાછા ફરશો જ. તે વખત (પરલોક)માં તમારા સારા-નરસા કર્યોના લેખા-જોખા લેવાશે. હું તમને શિખામણ આપું છું કે તમારી પાસે જો કોઈની થાપણ હોય તો તેને તેના માલિકોને પરત કરી દેજો.




હે લોકો! વ્યાજ ઈસ્લામમાં હરામ છે. શયતાનના અનુસરણથી દૂર રહેજો. હું તમને ભલામણ કરૂં છું કે પોતાની સ્ત્રીઓ સાથે સદ્‌વ્યવહાર અને નેકી કરજો (કેમકે) તેઓ તો તમારી પાસે ખુદાની થાપણ છે અને અલ્લાહના કાયદા કાનૂન અનુસાર તમારા માટે હલાલ થઈ છે.

હું તમારી વચ્ચે બે અતિમહાન વસ્તુઓ મૂકીને જઈ રહ્યો છું જો તમો તે બંનેને પકડી રાખશો (તેમની સાથે સંકળાઈને રહેશો) તો કદીય પદભ્રષ્ટ નહીં થાવ; (તે) એક ખુદાની કિતાબ અને બીજું મારા વંશજો કે જેઓ મારા “અહલેબૈત” છે.

દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે અને જગતના સઘળા મુસલમાનો એક-બીજાના ભાઈ-ભાઈ છે અને મુસલમાનોની ધન-દોલત -જો તેની રજા અને ઇચ્છા- મરજી હોય તે સંજોગોમાં-બીજા મુસલમાન માટે હલાલ છે.

## અરફહના રાત અને દિવસના કેટલાંક આઅમાલઃ-

અરફહની રાત્રે જાગવું અને નમાઝ અને ઈબાદત કરવી.

અરફહની રાત્રે દુઆઓ કરવી (કહેવાય છે કે આ રાત્રીની દુઆઓ કબૂલ થાય છે.)

અરફહની રાત્રે ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત.

ગુસ્લ

અરફહના દિવસે રોજો રાખવો (જો તેને કારણે કમજોરી-નબળાઈ આવી જવાની અને તે દુઆ અને મુનાજાતમાં અવરોધરૂપ થાય તેમ ન હોય તોજ)

ઈમામ હુસૈન અ.સ.ની "દુઆએ અરફહ" પઢવી (જે અસ્રની નમાઝ પછી પઢવી વધારે સારી છે.)

ઈમામ સજ્જાદ અ.સ.ની "દુઆએ અરફહ" પઢવી (જે સહીફએ સજ્જાદિયામાં છે.)

અરફહના દિવસે હઝરત ઈમામ હુસૈન અ.સ.ની ઝિયારત.

અરફહના દિવસે હઝરત અબ્બાસ અ.સ.ની ઝિયારત.

પોતાના ગુનાહોનો એકરાર કરવો.

બે રકઅત નમાઝ- જેની પહેલી રકઅતમાં સૂરએ હમ્દ પછી સૂરએ તવહીદ અને બીજી રકઅતમાં સૂરએ હમ્દ પછી સૂરએ કાફેરૂન પઢવી જોઈએ. તે પછી ચાર રકઅત નમાઝ જેની દરેક રકઅતમાં સૂરએ હમ્દ પછી પચાસ વખત સૂરએ તવહીદ પઢવામાં આવે. (આ નમાઝ એટલે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અ.સ.ની નમાઝ)

# ફિરઔનના પત્નિ આસીયાની દુઆ

"رَبِّ ٱبْنِ لِى عِندَكَ بَيْتًا فِى ٱلْجَنَّةِ وَنَجِّنِى مِن فِرْعَوْنَ وَعَمَلِهِۦ وَنَجِّنِى مِنَ ٱلْقَوْمِ ٱلظَّٰلِمِينَ."

‘‘રબ્બિબનેલી ઈન્દકા બૈતન ફિલ-જન્નતે-વ-નજજેની મિન-ફિરઔના-વ-અમલેહી-વ-નજજેની મિનલ-કૌમિઝ-ઝાલેમીન.’’ (સૂરએ તહરીમ, આયત ૧૧)

‘‘તલાઝુમે હક’’ ઈસ્લામનો સુવિદિત નિયમ છે. એટલે કે જ્યાં સુધી ઈસ્લામના કાનૂન પ્રમાણે કોઈ માટે કોઈ કર્તવ્ય નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી તેને કોઈ અધિકાર પણ મળતો નથી. એટલે કે ઈસ્લામમાં કર્તવ્ય વગર કોઈ અધિકાર નથી અને કોઈ પણ અધિકાર તેનાથી સંબંધિત કર્તવ્ય વગર નથી. પયગમ્બર સ.અ.વ.ની પત્નિઓ માટે પણ આ જ વ્યવસ્થા છે. તેમને સામાન્ય લોકો (ઉમ્મત)થી ઉચ્ચતર દરજ્જો આપવામાં આવ્યો છે અને ઉમ્મતના લોકો માટે તેમને ‘‘માતા’’નું સ્થાન આપવામાં આવ્યું છે અને તેમની સાથે કોઈ પણ પ્રકારના નિકાહની પણ પરવાનગી આપવામાં આવી નથી. તે સાથે જ તેમના કર્તવ્ય પરાયણતામાં જ તેમની મહાનતા સમાએલી છે. અન્યથા ફકત પત્નિત્વનું કોઈ મહત્વ નથી અને તેથી ઈસ્લામમાં બંને પ્રકારના દ્રષ્ટાંતોનું વર્ણન મળે છે. એવું દ્રષ્ટાંત કે જેમાં ઈમાનદાર સ્ત્રીઓ અત્યંત દુરાચારી પતિઓ સાથે હોય અને તેમને કોઈ નુકશાન ન પહોંચે અને એવા દ્રષ્ટાંત પણ કે જેમાં બેઈમાન પત્નિઓ સદાચારી પતિઓ -એટલે સુધી કે પયગમ્બરોની- સાથે હોય પરંતુ તેનાથી (પયગમ્બરોની માત્ર પત્નિ હોવાને લીધે) તેને કોઈ લાભ ન થાય. એટલા માટે કે ખુદાનો દીન પત્નિત્વ અને સગપણનો ધર્મ નથી (માત્ર સગપણથી ઈસ્લામમાં કોઈ મહાનતા મળતી જ નથી) પરંતુ ઈસ્લામમાં મહાનતા અને ઉચ્ચ દરજ્જા માટેનું ધોરણ અને તેની કસોટી ઈમાન અને સદ્ચારિત્ર છે.

અલ્લાહ તઆલાએ નાસ્તિક અને આજ્ઞાંકારી પત્નિઓ માટે નૂહ અ.સ.ના પત્નિ અને લૂત અ.સ.ના પત્નિનું દ્રષ્ટાંત આપેલ છે અને ઈમાનદાર પત્નિઓ માટે ફિરઔનના પત્નિ આસીયાનું ઉદાહરણ આપવામાં આવ્યું છે; કે જેઓ એક ખુદાને માનનારા (ખુદા પરસ્ત) હતાં. ફિરઔનના પત્નિ હોવાથી આસીયા ફિરઔનની સાથે તેના જ ઘર (મહેલ)માં રહેતાં હતાં અને તેઓ ફિરઔનના "પોતે જ ખુદા છે" તેવા દાવાને સ્વીકારતાં નહોતાં. જ્યારે ફિરઔનને આ બાબતની જાણ થઈ કે તેની પત્નિ જ "ખુદા પરસ્ત" (એક ખુદાની ઈબાદત કરવાવાળી) છે ત્યારે તેણે તેમને સજા કરવાની આજ્ઞા આપી અને તેમના ઉપર એટલી હદે અત્યાચાર ગુજારવામાં આવ્યાં કે તેમનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું.

આસીયા આ અત્યાચારો સહન કરતી વખતે અલ્લાહને આ રીતે પોકારતાં હતાંઃ "રબ્બિબનેલી ઇન્દકા બૈતન ફિલ-જન્નતે-વ-નજ્જેની મિન-ફિરઔના-વ-અમલેહી-વ-નજ્જેની મિનલ-કૌમિઝ-ઝાલેમીન." અર્થાતઃ "હે મારા પરવરદિગાર! મારા માટે જન્નતમાં તારા સાનિધ્યમાં એક મકાન બનાવી દે અને મને ફિરઔન અને તેના (અત્યાચારી) કાર્યોથી મુક્તિ આપ અને (આ) અત્યાચારી લોકો (કૌમ)થી મને બચાવી લે!"

આ દ્રષ્ટાંત ઉપરથી સાબિત થાય છે કે ગમે તેવી વિકટ અને દુષ્કર પરિસ્થિતિ કેમ ન હોય મનુષ્ય અડગ અને અવિચળ રહે તો પોતાના ઈમાનની રક્ષા કરી શકે છે.

# આપણાં નબી સ.અ.વ.ના સદ્ચારિત્રના દ્રષ્ટાંતો

### મુલાકાત અને દર્શનઃ-

દઆએમુલ-ઈસ્લામ નામના પુસ્તકમાં આપ હઝરત સ.અ.વ.થી રિવાયત છે કેઃ "અંબિયા, સિદ્દિકીન, શહીદો અને સદ્ચારિત્રવાન વ્યક્તિઓનું સૌથી શ્રેષ્ઠ વર્તન એ રહેતું કે ખુદાના કાજે એક બીજાના દર્શન માટે જતાં હતાં." (દઆએમુલ-ઈસ્લામ, પાન નં ૨૧૦૬)

મજમુઅએ વર્રામમાં આપ હઝરત સ.અ.વ.થી રિવાયત છે કેઃ "અંબિયા અ.સ. અને સિદ્દિકીનનું વર્તન એવું હોય છે કે જ્યારે તેઓ બીજાને મળે છે ત્યારે તેમના મુખારવિંદ પ્રફુલ્લિત હોય છે અને તેઓ હસ્તધૂનન પણ કરે છે." (મજમુઅએ વર્રામ, પાન નં ૨૯)

### સાથીઓને શિખામણઃ-

એહયાઉલ ઉલૂમમાં આપ હઝરત સ.અ.વ.થી રિવાયત છે કે આપ પોતાના અસ્હાબ (સાથીઓ)ને ફરમાવતાં હતાં કેઃ "તમો પોતાના દુર્ગુણો મને જણાવતાં નહીં કેમકે મને એ પસંદ છે કે હું તમારી સાથે દરેક પ્રકારના મન દુઃખ વગર રહું." (અહયાએ ઉલૂમુદ્દીન, પાન નં ૨૩૭૮)

اِنَّ اللّٰہَ وَ مَلآئِکَتَہُ یُصَلُّوْنَ عَلَی النَّبِی یا اَیُّھَا الَّذِیْنَ اٰمَنُوا صَلُّوا عَلَیْہِ وَسَلِّمُوا تَسلیما

## વર્તનમાં આડંબર અંગે મનાઈઃ-

મિસ્બાહુશ્શરીઅતમાં આપ હઝરત સ.અ.વ.થી રિવાયત છે કેઃ "અમો અંબિયા અને મુત્તકી લોકો (સંતો- અત્કિયા) પોતાના વર્તનમાં આડંબરથી દૂર રહીએ છીએ." (મિસ્બાહુશ્શરીઅત, પાન નં ૧૪૦)

મકારેમુલ અખ્લાકમાં અબૂઝરથી રિવાયત છે કે આપ હઝરત સ.અ.વ. પોતાના સાથીઓ (અસ્હાબ)ની વચ્ચે કોઈ પણ જાતના આડંબર વગર બેસતાં હતાં; એવી રીતે કે જો કોઈ અજાણ્યો વ્યક્તિ આવે તો કોઈને પુછ્યા વગર આપને ઓળખી શકતો નહોતો. અમોએ આપ સ.અ.વ.ની સેવામાં અરજ ગુજારી કે આપ એક ચોક્કસ (ઉચ્ચ) સ્થાને બિરાજો જેથી નવઆગંતુકો આપને ઓળખી શકે અને તે પછી અમે આપ સ.અ.વ. માટે માટીનો એક ઓટલો બનાવી આપ્યો. આપ સ.અ.વ. તેના ઉપર બિરાજમાન થતાં હતાં અને આપ સ.અ.વ.ના સાથીઓ (અસ્હાબ) તેની બંને બાજુએ બેસતાં હતાં. (મકારેમુલ અખ્લાક, પાન નં ૧૬)

## વાર્તાલાપ વખતે બધાં લોકો પ્રત્યે લક્ષ રાખવુંઃ-

મજમુઅએ વર્રામમાં છે કે આપ હઝરત સ.અ.વ.ની એક શિખામણ એવી હતી કેઃ "જ્યારે તમો કેટલાંક લોકો સાથે વાતો કરતાં હોવ ત્યારે કોઈ એક વ્યક્તિને લક્ષમાં રાખીને અને સંબોધીને વાતો ન કરશો પરંતુ બધાંને લક્ષમાં રાખીને વાર્તાલાપ કરતાં રહેશો." (મજમુઅએ વર્રામ, પાન નં ૨૬)

اِنَّ اللّٰہَ وَ مَلآئِکَتَہُ یُصَلُّوْنَ عَلَی النَّبِی یا اَیُّھَا

# મનની શાંતિ અને સંતોષના કારણો

આજના જગતમાં દરેક મનુષ્ય મનની શાંતિ અને સંતોષની પ્રાપ્તિના કાજે પ્રવૃત્ત રહે છે અને તે માટે અનેક ઉપાયો અજમાવે છે. તેમ છતાં તે મનની શાંતિ-સુખ અને સંતોષ પ્રાપ્ત કરી શકતો નથી. જે વસ્તુઓ વડે મનુષ્ય ચોક્કસ રીતે મનની શાંતિ-સુખ અને સંતોષ પ્રાપ્ત કરી શકે છે તેવી વસ્તુઓનું વર્ણન કુરઆનમાં છે તે પૈકી કેટલીક વસ્તુ આ પ્રમાણે છેઃ

૧. રાત્રિઃ- "અલ્લાહ એ છે કે જેણે તમારા માટે રાત્રિ રાખી છે (બનાવી છે) જેથી કરીને રાત્રિ તમારા માટે આરામ અને શાંતિનું કારણ બને." (સૂરએ યુનુસ ૬૭)

૨. ઘરઃ- તેવી રીતે ઘર માટે ફરમાવે છે કેઃ "અલ્લાહે તમારા માટે તમારા ઘરને આરામની જગ્યા બનાવી છે." (સૂરએ નહલ ૮૦)

૩. જીવન સંગિની અને સાથીઃ- તેવી જ રીતે મનુષ્ય માટે અલ્લાહે જીવન સંગિની અને સાથીનું પણ સર્જન કર્યું છે અને તે અંગે ફરમાવ્યું છે કેઃ અલ્લાહની નિશાનીઓમાંથી આ પણ એક (નિશાની) છે કે (તેણે) તમારામાંથી તમારા માટે તમારી જોડ (સ્ત્રીઓ)નું પણ સર્જન કર્યું છે જેથી કરીને તમો તેમના થકી રાહત મેળવી શકો. (સૂરએ રૂમ ૨૧)

૪. સદ્કાર્યોની પ્રેરણાઃ- સદ્કાર્યોની પ્રેરણા પણ મનુષ્ય માટે મનની શાંતિનું કારણ બને છે તેથી ખુદાવન્દે આલમ પોતે જ પોતાના નબી સ.અ.વ.ને લોકોના સદ્કાર્યોને સ્વીકારવા અને તેમને સદ્કાર્યોની પ્રેરણાં આપી તેમને સદ્કાર્યો કરવા પ્રેરવા માટે ફરમાવે છે કેઃ (હે રસૂલ!) આપ તેમના માલમાંથી સદકો (ઝકાત) લઈ લો (લેતાં રહો) કે જે થકી આપ તેમને પવિત્ર અને પાક બનાવો અને તેમના માટે (રહેમત)ની દુઆ પણ કરો. નિઃશંકપણે આપની દુઆ તેમના માટે શાંતિનું કારણ છે અને અલ્લાહ સૌથી મોટો સાંભળનાર અને જાણનાર છે. (સૂરએ તૌબા ૧૦૩)

૫. અલ્લાહનું સ્મરણઃ- મનની શાંતિની પ્રાપ્તિ માટે અલ્લાહે એક સર્વશ્રેષ્ઠ માર્ગ ચીંધ્યો છે, તે છે અલ્લાહનું સ્મરણ! તેથી જ ખુદાએ ફરમાવ્યું છે કેઃ "હે લોકો! યાદ રાખો (જાણી લો) કે અલ્લાહનું સ્મરણ એ માર્ગ (પધ્ધતિ) છે કે જેનાથી મનની શાંતિ પ્રાપ્ત થાય છે." (સૂરએ રઅદ ૨૮)

અલ્લાહનું સ્મરણ?!

આ તબક્કે એ જાણી લેવું જરૂરી છે કે આપણે અલ્લાહનું સ્મરણ કોને કહેવાય તે જાણી લઈએ.

કુરઆને મજીદમાં ઘણી જગ્યાએ "અલ્લાહનું સ્મરણ" શું છે તેનું વર્ણન છે તે પૈકી કેટલાંક આ પ્રમાણે છેઃ

નમાઝઃ- નમાઝ એ છે કે જે મનુષ્યને અલ્લાહ યાદ દેવડાવે છે તેથી જ ઈર્શાદ થએલ છે કેઃ "હું જ અલ્લાહ છું, મારા સિવાય બીજો કોઈ ઈબાદત કરવાને લાયક (માઅબૂદ) નથી માટે તું મારી જ ઈબાદત કર અને મારા સ્મરણ (કરતાં રહેવા) માટે નમાઝ પઢતો રહે." (સૂરએ તાહા ૧૪)

તેવી રીતે અન્ય સ્થળે વર્ણન છે કેઃ "દિવસના બંને છેડે (સવારના અને સાંજના) અને રાત્રિના કેટલાંક ભાગોમાં નમાઝ પઢો; નિઃસંશય નેકીઓ બદીઓને મારી હટાવે છે. બોધ ગ્રહણ કરવાવાળાઓ માટે આ એક (ઉત્તમ) બોધ છે." (સૂરએ હૂદ ૧૧૪)

કુરઆને મજીદઃ કુરઆને મજીદ પણ અલ્લાહનું સ્મરણ છે તેથી ફરમાવ્યું છે કેઃ "નિઃશંકપણે અમોએ જ આ ઝિક્ર (સ્મરણ એટલે કે કુરઆન)ને ઉતાર્યું છે અને નિઃસંશય અમો જ તેનું રક્ષણ કરનાર છીએ." (સૂરએ હિજર ૯)

અહલેબૈત અ.સ.: તેવી જ રીતે અહલેબૈત અ.સ. પણ અલ્લાહનું સ્મરણ છે તેથી જ ઈર્શાદ થએલ છે કેઃ "જો તમો ન જાણતાં હોવ તો "ઝિક્રવાળાઓ"ને પૂછો." (સૂરએ અંબીયા ૭)

(નોંધઃ ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.થી રિવાયત છે કે આપ અ.સ.એ ફરમાવ્યું છે કે "ઝિક્રવાળાઓ" "અહલે-ઝિક્ર" અમો (અહલેબૈત અ.સ.) છીએ.)

# ખાદ્યપદાર્થો અને તેના ગુણધર્મો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)






## જેતૂન (શેતૂર-સેતૂર-ઓલીવ)

ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું છે કે

શેતૂરનું તેલ (ઓલીવ ઓઈલ)થી શરીરમાં ચરબી પેદા કરો, તેનાથી ભોજન રાંધો કેમકે શેતૂર સદાચારી અને ખુદાના ખાસ (ચુંટી કાઢેલા) બંદાઓનો ખોરાક છે.



શેતૂરમાં બે વખત બરકત આપવામાં આવી છે; એક વખત પાકની શરૂઆતમાં અને બીજી વખત પાકના અંતે.

જો શેતૂરનો (રોજીંદો) વપરાશ કરવામાં આવે તો કોઈ રોગ થતો નથી. (કાફી, ભાગ ૬, પાન નં ૩૩૧, હદીસ ૪)

## સરકો

ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું છે કેઃ

સરકો સર્વશ્રેષ્ઠ ખાદ્યપદાર્થ છે. તે પિત્તનાશક છે અને પિત્તાશયને શાંત રાખે છે, હ્રદયને પ્રફુલ્લિત રાખે છે. (ઉસૂલે કાફી, ભાગ ૬, પાન નં ૩૨૯, હદીસ ૭)





# જનાબ લુકમાનની શિખામણો

(ક્રમશઃ ચાલનાર લેખમાળા)

## ભાગ્ય

હે મારા પુત્ર! જો તમો કોઈ શાસક (ધનવાન વ્યક્તિ) પાસે કોઈ યાચના કરો તો યાચનામાં આગ્રહ અને વારંવાર યાચના કરશો નહીં અને (જરૂરી તો એ છે કે) અતિઆવશ્યક્તા વગર અને તેની ઇચ્છા જાણ્યા વગર કોઈ યાચના જ કરતાં નહીં. તેની સમક્ષ યાચના કરી-કરીને પોતાને થકવી નાંખશો નહીં કેમકે તમારી જરૂરિયાતોને સંતોષવી તો અલ્લાહના હાથમાં છે અને તેના માટેના (પણ) ખાસ સમય (નક્કી) છે; તેથી અલ્લાહ પ્રત્યેજ ધ્યાન કેન્દ્રીત કરો, તેની સમક્ષ જ યાચના કરો અને તેની સમક્ષ જ પોતાના હાથ લંબાવો. (બિહારૂલ અનવાર, ભાગ ૧૩, પાન નં ૪૨૦, હદીસ ૧૪)

# અલ્લાહની દિશામાં એક પગલું

કુરઆને મજીદ:–

પરવરદિગારે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે કે: "હે ઈમાન લાવનારાઓ! જો તમો અલ્લાહ (ના દીન)ની સહાયતા કરશો તો ખુદા પણ તમારી સહાયતા કરશે અને તમને (તમારા આ કાર્યમાં) અડગ રાખશે." (સૂરએ મુહમ્મદ, આયત ૭)

હદીસો:–

ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું છે કે:

"જો કોઈ વ્યક્તિ પોતાના ઉદ્દેશ અને કાર્યમાં નિ:સ્વાર્થી હોય તો તે આ જગત અને પરલોક (બંનેમાં) પોતાના માટે રક્ષણ મેળવી લે છે. (એટલે કે તે પરવરદિગારને પોતાને રક્ષણ આપનાર બનાવી લે છે.)" (ગોરરૂલ હેકમ, હદીસ નં ૮૨૫૫)

ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું છે કે:

"હે લોકો! ખુદાવન્દે આલમે પોતાની અશક્તિને કારણે તમને (પોતાના દીનની) સહાયતા કરવા નથી કહ્યું કેમકે તેની પાસે તો આ પૃથ્વી અને આકાશમાં એવું સૈન્ય છે કે જે પરાજિત થઈ શકે તેમ નથી. (પરંતુ તેણે તમને સહાયતા કરવા માટે કહ્યું છે કે) તે તમને

અજમાવવા ઇચ્છે છે કે તમારામાંથી સૌથી વધારે સદ્કાર્યો કરનાર વ્યક્તિ કોણ છે!" (નહજુલ બલાગાહ, ખુત્બા નં ૧૮૪)

ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું છે કે:

"હે લોકો! પોતાના અશ્રુઓને રાત્રે (અલ્લાહની ઈબાદત માટે) જાગૃત રાખો. પોતાના ઉદરને નબળા રાખો (વધારે પેટ ભરી ન લો કે વધારે ભોજનને કારણે આળસ આવી જાય અને અલ્લાહની ઈબાદત મુશ્કેલ થઈ જાય.) પોતાના પગને સદ્કાર્યોમાં જ વાપરો. પોતાની ધન-દોલતને ખુદાના કાજે ખર્ચ કરો. પોતાના શરીરની સાર સંભાળ રાખો અને પોતાના અંતરના કાજે બલિદાન આપતાં રહો અને આ કાર્યમાં કંજુસાઈ કરતાં નહી કેમકે ખુદાવન્દે આલમે ફરમાવ્યું છે કે:

"હે ઈમાન લાવનારાઓ! જો તમો અલ્લાહ (ના દીનની) સહાયતા કરશો તો ખુદા પણ તમારી સહાયતા કરશે અને તમને (તમારા આ કાર્યમાં) અડગ રાખશે." તેવી જ રીતે એક જગ્યાએ ફરમાવ્યું છે કે: "કોણ છે કે જે અલ્લાહને કર્ઝે હસના આપે?! (એટલે કે અલ્લાહના કાજે ખર્ચ કરે)- અલ્લાહ તેને બમણો કરી (ને બદલો) આપશે અને સર્વશ્રેષ્ઠ બદલો આપશે." અને એવું વિચારતાં પણ નહીં કે ખુદાવન્દે આલમ તમારાથી આ સહાયતા એટલા માટે માંગે છે કે તે નબળો છે અને પોતાની નબળાઈને કારણે તમારી પાસે સહાયતા માંગે છે!" (નહજુલ બલાગાહ, ખુત્બા નં ૧૮૩)

# મનુષ્યના કાર્યોનો પ્રારંભ અને અંત

કુરઆનમાં વર્ણન છે તે પ્રમાણે મનુષ્ય જે પણ કાર્ય કરે છે તે ત્રણ પરિસ્થિતિઓમાં તે કરતો હોય છેઃ

૧ કેટલાંક લોકો એવા હોય છે કે જેઓ પોતાના કાર્યોનો પ્રારંભ પણ સત્ય-નિષ્ઠા અને શુભ આશયથી કરે છે અને તેનો અંત પણ સત્ય-નિષ્ઠા અને શુભ આશયથી જ કરે છે; આવા લોકોનું દ્રષ્ટાંત કુરઆનમાં આવી રીતે આપવામાં આવ્યું છે કેઃ “અને (હે રસૂલ!) આ અરજ કર્યા કરો કે હે મારા પરવરદિગાર! (મારા કાર્યોમાં) મને સત્યમય રીતે અને સદ્‌વર્તન સાથે પ્રવેશ કરાવજે અને (મારા કાર્યોની) પૂર્ણાહૂતી સત્યમય અને સદ્‌વર્તન (નેકી) સાથે કરાવજે અને તારી પાસેથી મને સહાયતા અને સફળતા આપજે!!” (સૂરએ ઇસરાઅ ૮૦)

૨ કેટલાંક લોકો એવા હોય છે કે જેઓ પોતાના કાર્યોનો પ્રારંભ તો સત્ય અને શુભ આશયથી કરે છે પરંતુ અંતમાં તેમના કાર્યો- તેમના વર્તનમાં આડંબર, ઢોંગ, દેખાડો અને ઉપકારનું પ્રદર્શન આવી જાય છે; આવા વર્તનના નિષેધ અંગે કુરઆને મજીદમાં સ્પષ્ટ આજ્ઞા આપવામાં આવી છે કેઃ

"હે ઈમાન લાવનારાઓ! પોતાના દાન-પુણ્યને ઉપકાર દર્શાવીને કે (લેનારને) ઈજા પહોંચાડીને (લેનારને દુઃખ થાય તે રીતે આપીને) એવા વ્યક્તિની જેમ વેડફી ન નાંખો કે જે પોતાની ધન-દોલત માત્ર લોકોને દેખાડવા ખાતર (દાન આપીને) ખર્ચે છે અને તે અલ્લાહ અને કયામત ઉપર ઈમાન રાખતો નથી (એટલે કે તેને એવો વિશ્વાસ નથી કે તે નિઃસ્વાર્થ ભાવથી દાન આપશે તો અલ્લાહ તેને આ જગતમાં અને કયામતના દિવસે ઘણો સારો બદલો આપશે) તેનું દ્રષ્ટાંત તો એક એવા પત્થરની લીસી શીલાથી આપી શકાય કે જેના ઉપર થોડીક માટીનો થર બાઝી ગયો હોય. પછી તેના ઉપર ધોધમાર વરસાદ વરસે અને તેને (તેના ઉપર બાઝેલા માટીના થરને) ધોઈ સફાચટ કરી નાંખે. (તેવી રીતે) આ લોકો પણ પોતાના (આવા આંડંબરથી અને ઉપકાર દર્શાવીને કરેલા) કાર્યોનો કોઈ લાભ મેળવી શકશે નહીં અને અલ્લાહ નાસ્તિકોને કદી સત્યના માર્ગે દોરતો નથી." (સૂરએ બકરહ, આયત નં ૨૬૪)

٧ કેટલાંક લોકો એવા હોય છે કે જેમના કાર્યોનો પ્રારંભ અને અંત બંને અસત્ય અને દુર્ભાવનાથી થાય છે એટલે કે તેમનું સંપૂર્ણ કાર્ય જ અશુભ આશયનું હોય છે. તેના દ્રષ્ટાંતમાં કુરઆનમાં એક અત્યાચારી સમ્રાટનું વર્ણન છે કે જે કોઈ પણ ગામમાં દાખલ થાય છે તો તેનો નાશ કરી નાંખે છે અને તેના (તે ગામના) સંમાનિત લોકોને બેઆબરૂ કરી નાંખે છે અને આ લોકો પણ તેમ જ કરશે. (સૂરએ નમ્લ, આયત નં ૩૪)

# સદકાની દસ વિશિષ્ટતાઓ

નબીએ અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે સદકો (આપવાનું) ભૂલતાં નહીં; તેમાં દસ વિશિષ્ટતાઓ છે. સદકાના પાંચ લાભ આ જગતમાં પ્રાપ્ત થશે અને પાંચ લાભો પરલોકમાં મળશે.




## આ જગતના લાભો

૧. સદકો ધન-દોલત અને શરીરને પવિત્ર (શુધ્ધ) કરી દે છે.

૨. સદકો રોગોમાં દવાનું કાર્ય કરે છે.

૩. સદકો મનને પ્રફુલ્લિત કરે છે.

૪. સદકો ધન-દોલતમાં વૃધ્ધિ કરે છે.

૫. સદકાથી આજીવિકામાં વિપુલતા આવે છે.




# પરલોકના લાભો

૧. સદકો કયામતના દિવસે છાંયડો આપશે.

૨. સદકો કયામતના દિવસે હિસાબમાં સરળતાનું કારણ બનશે.

૩. સદકો સવાબના પલ્લાને ભારે કરી દેશે.

૪. સદકો પુલે-સિરાતને પાર ઉતારવાનું કારણ બનશે.

૫. સદકો ઉચ્ચ સ્થાને બિરાજમાન થવાનું કારણ બનશે.

(કિતાબે નસાએહ, પાન નં ૩૦૧)

# ખુદાની જાત (અસ્તિત્વ) પરિપૂર્ણતાઓનું ઉદ્દભવસ્થાન

કુરઆને મજીદમાં ખુદાવન્દે આલમે જણાવ્યું છે કે મનુષ્યોને જે ગુણો - જે વિશિષ્ટતાઓ આપવામાં આવી છે તે સઘળા ગુણો - વિશિષ્ટતાઓનું મૂળ, તેનું ઉદ્દ્ભવસ્થાન, ખુદાની જાત છે. અહિયાં આવી કેટલીક વિશિષ્ટતાઓ દર્શાવવામાં આવી છે:

- ખુદાવન્દે આલમ પોતાના બંદાઓને પરસ્પર ક્ષમા પ્રદાન કરવા અને જતું કરવાનો ગુણ કેળવવાનું જણાવે છે. તે અંગે ફરમાવ્યું છે કે: “તમારા માટે આવશ્યક છે કે એક બીજાને ક્ષમા પ્રદાન કરતાં રહો અને જતું કરતાં રહો કેમકે ખુદાવન્દે આલમ (પોતે) ખૂબ જ ક્ષમા પ્રદાન કરનારો છે.” (સૂરએ નૂહ, આયત ૨૨) તેવી જ રીતે ઈર્શાદ થએલ છે કે: “જે લોકોએ (પોતે જ) પોતાની ઉપર અત્યાચાર કર્યો છે તેઓએ અલ્લાહની દયા-કૃપાથી નિરાશ થવાની જરૂર નથી; અલ્લાહ ખચિત જ સઘળા ગુનાહોને માફ કરનારો છે. તે (તો) ઘણો (મહાન) ક્ષમા કરનારો અને દયાળુ છે.” (સૂરએ ઝોમર, આયત ૫૩)
- મનુષ્યને ઉપકાર અને સદ્કાર્યો કરવાની આજ્ઞા આપવામાં આવી છે કે: “અલ્લાહ ન્યાય અને ઉપકારની આજ્ઞા આપે છે.” (સૂરએ નહલ, આયત ૯૦) તેથી જ પોતાના વિશે પણ ફરમાવે છે કે: “જેવી રીતે અલ્લાહ તારા ઉપર ઉપકાર કરે છે (તેવી જ રીતે) તું પણ (અન્યો ઉપર) ઉપકાર કરતો રહે.” (સૂરએ કસસ, આયત ૭૭)

➢ જ્યારે અલ્લાહ પોતાના સેવકોને જણાવે છે કે અન્ય લોકો સાથે સારી રીતભાત સાથે વાર્તાલાપ કરો ત્યારે તે પોતાના વિશે પણ ફરમાવે છે કેઃ ‘‘મારી વાણી (કુરઆન મજીદ) સારી-સારી વાતોથી ભરેલી છે.’’ (સૂરએ ઝોમર, આયત ૨૩)

➢ ખુદાવન્દે આલમ સાચું બોલવા અને સત્યવક્તાઓની સાથે થઈ જવાની પ્રેરણા આપે છે. (સૂરએ તૌબા, આયત ૧૧૯) ત્યારે પોતાના માટે પણ ફરમાવે છે કેઃ ‘‘જે લોકો ઈમાન લાવ્યાં છે અને સદ્કાર્યો કરે છે તેમને નજીકના ભવિષ્યમાં જ એવી જન્નતમાં પ્રવેશ આપીશું કે જેની હેઠળ નદીઓ વહેતી હશે (અને) તેઓ તેમાં હંમેશ-હંમેશના માટે રહેશે. અલ્લાહનું આ સાચું વચન છે અને (પોતાના) વચનના સંબંધમાં અલ્લાહ કરતાં વધારે સાચો (બીજો) કોણ હોઈ શકે છે!’’ (સૂરએ નિસા, આયત ૧૨૨)



➢ અલ્લાહ પોતાના બંદાઓને આભાર માનવા અને ગુણ સ્વીકારવાની પ્રેરણાં આપે છે અને ફરમાવે છે કેઃ ‘‘તમો મારો ઉપકાર માનો અને પોતાના માત-પિતાના પણ ઉપકારનો સ્વીકાર કરો.’’ ત્યારે આ બાબતે પોતાને પણ ઉપકાર કરનાર કહે છે અને ફરમાવે છે કેઃ ‘‘નિસંશય અલ્લાહ (ઈમાન લાવનારાઓ માટે) મહાન ઉપકાર કરનાર છે અને તે મહાન બદલો આપશે.’’ (સૂરએ નિસા, આયત ૧૪૭)

# સૌથી પ્રથમ
# અઝાન પોકારનાર (મોઅઝ્ઝીન)

મોઅઝ્ઝીને ઈસ્લામ જનાબ બિલાલ સીરિયામાં દફન થએલાં છે તેથી જ્યારે એક વખત એક સીરિયાવાસી ઈમામ સાદિક અ.સ. પાસે આવ્યો ત્યારે તેને જોઈને ઈમામ અ.સ. એ તેને ફરમાવ્યું કેઃ

“મોઅઝ્ઝીનોમાં (એટલે બાંગ- અઝાન- પોકારનારાઓમાં) જે સૌથી પહેલાં જન્નતમાં જશે તે બિલાલ હશે.”

આવનાર વ્યક્તિએ પુછ્યુંઃ મૌલા એમ કેમ?!

આપ અ.સ. એ ફરમાવ્યુંઃ “એટલા માટે કે ઈસ્લામમાં સૌ પ્રથમ અઝાન પોકારનાર વ્યક્તિ તેઓ જ છે.”

(વસાએલુશ્શીઆ, ભા ૪, પા ૬૧૪, હ ૭)

# સૌથી પ્રથમ સાચો સાક્ષી

ઈમામ સાદિક અ.સ. એ પોતાના સહાબી ફુઝૈલને ફરમાવ્યું છે કેઃ

“હે ફુઝૈલ! સૌથી પ્રથમ સાચો કે જેણે સાચાની સાક્ષી આપી તે ખુદાવન્દે અઝઝ-વ-જલ્લ છે કેમકે તે સાચો પણ છે અને તે પોતે જ પોતાની સાક્ષી પણ આપે છે અને તે જાણે પણ છે કે તે સાચો છે.”

(ઉસૂલે કાફી, ભા ૩, પા ૧૬૩)

# જુઓ અને ચિત્ર બનાવો



Publish 10th Every Month, RNI No: GUJGUJ/2015/59960

રૂ. 30

Registered under Postel Registration No: AHD-C/51/2015-2018 valid up to 31th December 2018

Issued by the SSPO's Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 10th of every month

Published From: HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST

865/866, Behind Taslim Society, Near Golden Park, Vatva, AHMEDABAD - 382 440

دعای عرفه



PRINTED AND PUBLISHED BY: RIZVI MOHMED RAZA ABID HUSEIN ON BEHALF OF

HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST, RNI NO: GUJGUJ/2015/59960

AND PRINTED AT PRINT CARE, N.R. ESTATE, TAVDIPURA, SHAHIBAUG, AHMEDABAD-380 004

AND PUBLISHED FROM HAUZA-E-ILMIYAH IMAM KHOMAINI CHARITABLE TRUST

865/866, BEHIND TASLIM SOCIETY, NEAR GOLDEN PARK, VATVA, AHMEDABAD- 382 440

EDITOR: RIZVI MOHMED RAZA ABID HUSEIN